
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



મારો મોબાઇલ ચોરાઇ ગયો તો તેને સાયબર ક્રાઇમ ગણાય...!!

# આજથી રામકથા મેદાનમાં રાષ્ટ્રીય મેંગો મહોત્સવ




ગાંધીનગર, તા. ૨૬

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત સરકારના ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા તા. ૨૭ થી ૨૯ મે, ૨૦૨૨ દરમિયાન ગાંધીનગરના રામકથા મેદાન, સેક્ટર-૧૧ ખાતે ''રાષ્ટ્રીય મેંગો મહોત્સવ-૨૦૨૨''નું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે તા.૨૭મી મે, ૨૦૨૨ના રોજ સવારે ૮:૦૦ કલાકે ઉદ્ઘાટન કરશે. પ્રવાસન અને યાત્રાધામ વિકાસમંત્રી પૂર્ણેશભાઈ મોદી અને પ્રવાસન અને યાત્રાધામ વિકાસ રાજ્યમંત્રી અરવિંદભાઈ રૈયાણી પણ ઉપસ્થિત રહેશે તેમ ગુજરાત પ્રવાસન નિગમની યાદીમાં જણાવાયું છે.

આ રાષ્ટ્રીય મેંગો મહોત્સવમાં ગુજરાત સહિત દેશભરના વિવિધ પ્રદેશોમાં ઉત્પાદિત થતી અલગ-અલગ પ્રકારની કેરીનું પ્રદર્શન ગોઠવવામાં આવશે. જેમાં ગુજરાતની કેસર, હાફુસ, રાજાપુરી, જામદર, તોતાપુરી, નીલમ, દશેરી અને લંગડો કેરીનું તેમજ પંજાબની ચૌસા અને માલ્દા, હરિયાણાની ફઝલી, રાજસ્થાનની બોમ્બે ગ્રીન, મહારાષ્ટ્રની પાયરી, કર્ણાટકની બંગનાપલ્લી અને મુળગોઆ, આંધ્રપ્રદેશની સુવર્ણરેખા, મધ્યપ્રદેશની ફાઝી, પશ્ચિમ બંગાળની ગુલાબખસ અને હિમસાગર, બિહારની કિસનભોગ અને જર્દાલુ જેવી અનેક પ્રકારની કેરીના પ્રદર્શન સહ વેચાણના સ્ટોલ્સ પણ લગાવવામાં આવશે.

## ખૂણેખાંચરેથી

- આગામી ૨૮મી અને ૩૧મીએ મહાત્મા મંદિર ખાતે યોજાનાર કાર્યક્રમની ચાલી રહેલી તૈયારીઓની સમીક્ષા માટે મુખ્ય સચિંવ પંકજકુમાર મહાત્મા મંદિરની મુલાકાતે ગયા હતા.
- ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ વાવોલ ગામમાં આજે ૧૧ થી ૧ લાઈટો જતી રહેતાં સૌ ગ્રામવાસીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.
- ચ-૦ થી શરૂ થતા ઓવરબ્રિજ પર છેલ્લા ૧૫ દિવસથી લાઈટો બંધ છે.
- ગાંધીનગર જિલ્લાની તા. ૩૦ થી ૪ જૂન અરૂણાચલ પ્રદેશની પંચાયતીરાજની ટીમ મુલાકાતે આવી રહી છે.
- સાંસદ આદર્શ ગ્રામ યોજનાના અમલીકરણમાં જિલ્લાના ચાર ગામોનો ૧ થી ૧૦માં સમાવેશ થયો. રૂપાલ ગામની ડેટા એન્ટ્રીઓ અન્ય ટેકનીકલ ક્ષતિઓ દૂર થતાં તે દેશમાં ત્રીજા સ્થાને આવ્યુ છે.
- રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય યોજનાને લઈ આજે એક મહત્વની બેઠક યોજાઈ હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં છેલ્લા ત્રણેક દિવસથી અબોલ પશુઓ વાંદરા, કૂતરાઓની અવરજવર બિન્દાસ બની છે. વાંદરાઓ ત્રીજા માળે તો આજે કૂતરાઓ પહેલા માળે આરામથી ફરતા જોવા મળ્યા હતા.
- ૩૧મીએ યોજાનાર પ્રધાનમંત્રી સંવાદ કાર્યક્રમને લઈ તંત્ર દ્વારા જુદી જુદી કામગીરી અંગેના હુકમો કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં પાણીની પાઈપલાઈનો તુટવાની અને ગટરો ઉભરાવવાની ફરિયાદો વધવા પામી છે.

# શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવની ઉજવણી



શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ અંતર્ગત ભૂમંડળ સ્થિત તીર્થોત્તમ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં દર્શનદાન અર્પતા ઉપાસ્ય ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન , હરીકૃષ્ણ મહારાજને ચંદનના વાઘાના વિશિષ્ટતા સભર શણગાર ધરાવ્યા હતા.

# દહેજમાં મકાનની માંગણી કરી પરિણિતાને ત્રાસ આપતા સાસરીયાઓ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૬

અડાલજ અદાણી ટાઉનશીપ વોટરવેલી ખાતે રહેતી પરિણિતા પાસે દહેજમાં મકાનની માંગણી કરી, શારીરીક માનસિક ત્રાસ આપી ઝઘડો કરી મારઝુડ કરતા સાસુ-સસરા, જેઠ-જેઠાણી, નણંદ, ભાણી અને ભત્રીજા સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ અડાલજ વોટરવેલી ખાતે રહેતી પરિણિતાએ અડાલજ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેણી બિહારની ભાગલપુરની વતની છે.જયારે છેલ્લા કેટલાક સમયથી બરોડા અને ગાંધીનગર ખાતે વસવાટ કરે છે. પરિણિતા વર્ષ ૨૦૧૫માં ઈન્ડીગો એરલાઈન્સ કંપનીમાં એરહોસ્ટેસ તરીકે ફરજ બજાવતી હતી. તે સમયે સાથે કામ કરતા કુશલ અરોરા સાથે વર્ષ ૨૦૧૮માં સમાજના રીત રીવાજ મુજબ થયા હતા. તેઓને લગ્નજીવનથી સંતાનમાં એક ૨ વર્ષની દિકરી છે. લગ્ન બાદ સંયુકત કુંટુબમાં પરિણિતા રહેતી હતી. જયારે નણંદ ના લગ્ન થઈ ગયા હોવા છતા સાસરીમાં જતા ન હતા અને ભાણી સાથે અડાલજ વોટરવેલી ખાતે રહેતા હતા. સાસુ શૈલીબેન, સસરા સંતકુમાર, નણંદ અને ભાણી નાનીનાની વાતોમાં હેરાન પરેશાન કરતા હતા. જયારે મુંબઈ ચેમ્બુર ખાતે રહેતા જેઠ-જેઠાણી અને ભત્રીજો -તહેવાર અને અવારનવાર મિલકત અંગે ઝઘડો કરી હેરાન પરેશાન કરતા હતા. જયારે ઘરે ઝઘડો થતા એકવાર ફરીયાદીના જેઠ દ્વારા તેની પર હાથ ઉગામ્યો હતો. જયારે ભત્રીજો અને તેની મમ્મી ગમે તેમ ગાળો બોલી પરિણિતાને હેરાન કરતા હતા. જયારે સાસુ-સસરા પરિણિતા જે મકાનમાં રહેતા હતા તે મકાન પરિણિતાના પતિ કુશલ અરોરાએ રાખ્યુ હતું. તેમ છતા સાસુ સસરા મકાન તેમનુ હોવાનું કહીને ખોટા દાવા કરીને ઝઘડો કરતા હતા.જયારે નણંદ નોકરીનો પગાર ઘરમાં આપવાનું કહેતી હતી.જયારે મકાનના હપ્તા પરિણિતા ભરતી હોવા છતા ઘરમાંથી બહાર નીકળી જવાનું કહ્યું હતું. જયારે પરિણિતાની ભાણી ઘરના લાઈટો બંધ કરી દે છે અને ફરીયાદીની ચીજવસ્તુઓ પણ સંતાડી દે છે. પરિણિતાને શારીરીક માનસિક ત્રાસ આપતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# ઉવારસદના વૃંદાવન કોમ્પ્લેક્ષના બિલ્ડરને ફાયર મુદ્દે નોટીસ અપાતા ઉચ્ચકક્ષાએ રજુઆત

ગાંધીનગર, તા.૨૬

ઉવારસદ ગામમાં આવેલા વૃદાવન કોમ્પ્લેક્ષના બિલ્ડરને ઈરાદાપૂર્વક હેરાન પરેશાન કરવામાં આવતા હોવાનો આક્ષેપ કરાયો છે. ઈમારત બનાવ્યા બાદ ગ્રામ પંચાયતમાંથી તમામ જરુરી કાગળો એકઠા કરવામાં આવ્યા છે. જયારે આકારણી પણ કરવામાં આવી છે. તેમ છતા ગ્રામ પંચાયત દ્વારા ફાયર સેફટી મુદ્દે નોટીસ આપવામાં આવતા બિલ્ડરે આ મુદ્દે ઉચ્ચકક્ષાએ લેખિત રજુઆત કરી છે. પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામના બિલ્ડર ભરત પટેલ ગામતળની જમીનમાં વૃંદાવન કોમ્પ્લેક્ષ બનાવાયું છે. કોમ્પ્લેક્ષના બાંધકામ માટે ગ્રામ પંચાયત દ્વારા વર્ષ ૨૦૨૦માં રજા ચીઠ્ઠી અપાઈ હતી. જયારે પંચાયત કચેરી દ્વારા પ્લાન મંજુર કર્યા પછી બાંધકામ કરવામાં આવ્યું હતું. જયારે સીટી સર્વેની કચેરીમાં પણ ડિસેમ્બર૨૦૨૦માં ૨૫ દુકાનોની અલગ અલગ રેકર્ડ દાખલ કરાવેલ છે. જાન્યુઆરી માં દુકાનની આકારણી ગ્રામ પંચાયતમાં બનાવી હતી. ત્યારબાદ હવે આ કોમ્પ્લેક્ષને ફાયર સેફટી મુદ્દે નોટીસ આપવામાં આવી છે. જયારે આ નોટીસ બાદ બિલ્ડરે દાવો કર્યો છે કે ગ્રાઉન્ડ ફલોર અને પ્રથમ મજલાની ઈમારતમાં માત્ર ફાયર એસ્ટીંગ ગ્યુઝર મુકવામાં આવે છે. તે નિયમ મુજબ ફાયરની જરુરી સાધન મુકવાની કામગીરી હાથ ધરાઈ છે. જયારે ગામમાં આવેલી અન્ય દુકાનોમાં કોઈ ફાયર સુવિધા નથી. છતા તેમને કોઈ નોટીસ કે કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હોવાનો આક્ષેપ બિલ્ડર દ્વારા કરાયો છે. ત્યારે બિલ્ડર દ્વારા આગામી સમયમાં ઉચ્ચકક્ષાએ લેખિત રજુઆત પણ કરવામાં આવનાર છે.




જીઓ ઓર જીને દો સ્લોગન સાથે ભારતીય યોગ સંસ્થાન ગુજરાત પ્રાંત દ્વારા પેટના રોગ સંદર્ભે શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સેક્ટર-૬ના બગીચામાં યોજાઈ રહેલી આ શિબિરમાં મોટી સંખ્યામાં વસાહતીઓ ભાગ લઈ રહ્યા છે.

# શહેરની વીપીએમપી કોલેજ ખાતે સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ સ્થિત વી.પી.એન.પી. કોલેજના સહયોગથી સાયબર ક્રાઈમ પોલીસ મથક ગાંધીનગર રેન્જ દ્વારા સાયબર અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાયબર ક્રાઈમ પોલીસ મથકના પીઆઈ પી.એન.ધાંધલ્યાએ શહેરી વિસ્તારમાં રહેતા નાગરીકો સાયબર ક્રાઈમનો ભોગ બનતા અટકે તે માટે સાયબર અવેરનેસને લગતી માહિતી પુરી પાડી હતી.

સાયબર ક્રાઈમ પોલીસ મથકના ઈનચાર્જ પીઆઈ પી.એન.ધાંધલ્યા, વાયરલેસ પીએસઆઈ વી.એલ. જાડેજા, તેમજ એચ. એલ. સરવૈયા, સહિતના પોલીસ કર્મચારીઓએ કોલેજના ૩૦૦ થી વધુ તેમજ સ્ટાફને સાયબર અવેરનેસને લગતી માહિતી પુરી પાડી હતી. જેમાં સાયબર ક્રાઈમ એટલે શું? સાયબર ક્રાઈમથી બચવા માટે શું તકેદારી રાખવી, હાલની પરિસ્થિતિમાં નાણાકીય ફ્રોડ તથા તેનાથી બચવા શુ તકેદારી રાખવી તે અંગે જાણકારી આપવામાં આવી હતી. જયારે સોશ્યલ મિડીયા વોટસએપ, ફેસબુક, વોટસએપ, ઈન્સ્ટ્રાગ્રામ સહિતની એપ્લીકેશનથી નાગરીકો સાથે બનતા બનાવોથી માહિતગાર કર્યા હતા.જયારે નાગરીકો પોતે સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે માટે સોશ્યિલ મીડીયાનો ઉપયોગ કરતા સમયે શું તકેદારી રાખવી તેની સમજણ આપવામાં આવી હતી. જયારે નાણાકીય છેતરપિંડી થાય તો સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર તાત્કાલીક જાણ કરીને ફ્રોડમાં ગયેલી રકમ રીકવર કરી શકાય છે. જયારે નેશનલ સાયબર ક્રાઈમ રીપોર્ટીંગ પોર્ટલ પર લોગીન થઈને ઓનલાઈન સાયબર ક્રાઈમને લગતી ફરીયાદ લખાવી શકાય છે.

# ગાંધીનગરના ચાર પોલીસ અધિકારી ''ગર્વ એવોર્ડ'' થી સન્માનિત કરાયા



ગાંધીનગર,તા.૨૬

શહેરના સેકટર-૧૭ લાયબ્રેરીની સામે મેદાનમાં ''ગર્વ ફાઉન્ડેશન'' ગાંધીનગર દ્વારા ''ગર્વ એવોર્ડ''નું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ વિભાગની દેશ સેવાથી પ્રભાવિત થઈને ગાંધીનગરના ૪ પોલીસ અધિકારીઓનું ''ગર્વ એવોર્ડ'' થી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ હેડ કવાર્ટર ખાતે પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા વી.જે.રાઠોડ, ટ્રાફિક શાખાના પોલીસ સબ ઈન્સ્પેકટર બી.ડી.ભરવાડ, ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચમાં પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા મહિલા અધિકારી આરતી અનુરકર અને એલસીબીમાં આસીસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હરદેવસિંહ દલપતસિંહ વાઘેલાનો સમાવેશ થાય છે. ગર્વ એવોર્ડ થી જિલ્લાના ચાર પોલીસ અધિકારીઓને સન્માનિત કરવામાં આવતા હાજર સૌ પોલીસ અધિકારી-કર્મચારીઓ સહિત પરિવાજનો એ તાળીઓના ગળગળાટથી વધાવી લીધા હતા. આ પ્રસંગે પોલીસ વિભાગમાં ફરજ બજાવતા ઉચ્ચ પોલીસ અધિકારીગણ સહિત પોલીસ પરિવારના સભ્યો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.



ગઈ કાલે જિલ્લા પંચાયત ખાતે આઈસીડીએસ શાખા દ્વારા નવીન નિમણૂક પામેલા આંગણવાડી કાર્યકર બહેનો ને ઓર્ડર આપવામાં આવ્યાહતા.




વિદ્યાર્થીઓ ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષા બાદ કારકિર્દી બાબત ગંભીર બને છે. નવી દિશા, નવી પહેલ હેઠળ વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આનંદનિકેતન સ્કૂલ, સુઘડ ખાતે શિક્ષણ વિભાગ દ્વારા આયોજીત કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમમાં મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, જિલ્લા પંચાયત પ્રમુખ, શાળાના ટ્રસ્ટીઓ અને શિક્ષણ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર દત્ત મંદિરથી ૫ જુને લકઝરી બસ ઉપડશે

### ગંગા દશહરા નર્મદા સ્નાન તેમજ દત્ત નામ સંકીર્તનના પાઠ માટે નામ નોંધાવવા અપીલ

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરના માર્ગ મકાન વિભાગમાં ઈલેક્ટ્રીક વિભાગમાં ફરજ બજાવતા કર્મચારી દિનેશભાઇ દવેનુ કેન્સરની બિમારીના લીધે અવસાન થયુ હતુ. જયારે આ સંનિષ્ઠ કર્મચારી તેમની ટેક પુરી કરવા માટે રંગ પરિવાર દ્વારા આગામી જુન મહીનામાં દત્ત નામ સંકીર્તનનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. દત્તનામ સંકીર્તનના ૧૦૦૮ પાઠ કરવા માટે અને મૃતકનો સંકલ્પ પુરો કરવા માટે રંગ પરિવાર દ્વારા નારેશ્વર ખાતે વિશેષ આયોજન કરાયુ છે. જેમાં ગાંધીનગરના ભાવિકોને જોડાવવા માટે પણ અપીલ કરવામાં આવી છે. આ કાર્યક્રમને અનુલક્ષી તા ૫ જુનના રોજ સાંજે ૫ કલાકે ગાંધીનગર દત્ત મંદિરથી એક લકઝરી બસ ઉપડશે જયારે દત્ત નામ સંકિર્તન સાથે ગંગા દશહરા નર્મદા સ્નાનનો લાભ લેવા માટે નામ નોંધાવવા રાજુભાઈ પંડયાનો ૯૧૦૬૫૭૫૨૧૫ પર સંપર્ક કરવા માટે જણાંવાયુ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

# માતૃશ્રી જોઈતીબા કોલેજ ખાતે ખેલ મહાકુંભની ફેન્સીંગ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ઉપક્રમે જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા માતૃશ્રી જોઈતીબા એજયુકેશન કેમ્પસ, ચૌધરી કોલેજ કેમ્પસ, સેકટર-૭, ગાંધીનગર ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અન્વયે ૧૧મા ખેલ મહાકુંભ અંતર્ગત અંડર-૧૪ ભાઈઓની રાજય કક્ષાની ફેન્સીંગ સ્પર્ધા આયોજન માતૃશ્રી જોઈતીબા એજયુકેશનલ ઈન્સ્ટીટયુટ, સેકટર-૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. અંડર-૧૪ ભાઈઓની સ્પર્ધાના ઉદઘાટન પ્રસંગે ફેન્સીંગ એસોસીએશન, ગાંધીનગરના પ્રમુખ સંજીવ મહેતા, સંસ્કારધામ, અમદાવાદના ટ્રસ્ટી દિલીપભાઈ ઠાકર, ગોકુળ ડેવલોપર્સ સુરતના પ્રકાશભાઈ રાવળ, ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના મહામંત્રી ભરતજી ઠાકોર, ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના ખજાનચી રીજ્ઞેશભાઈ ચૌધરી, અખિલ આંજણા કેળવણી મંડળના કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.



૧૧મા ખેલ મહાકુંભનું આયોજન થઈ રહ્યું છે ત્યારે શરૂઆતથી અત્યાર સુધીમાં રાજયના ઘણા ખેલાડીઓએ ખેલ મહાકુંભના માધ્યમથી આગળ વધી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સિધ્ધિઓ મેળવી છે. જે રાજય સરકારને આભારી છે. સ્પર્ધામાં ભાગ લઈ રહેલ ખેલાડીઓને જીવનમાં એક ધ્યેય નક્કી કરી અને તે ધ્યેય પ્રાપ્તિ માટે સખત મહેનત કરશો તો સફળતા ચોકકસ મળશે તેમ ફેન્સીંગ એસોસીએશનના પ્રમુખ સંજીવ મહેતાએ જણાવ્યું હતું તથા જાયકાના માધ્યમથી ગુજરાતમાં જાપાનથી ફેન્સીંગના એકસપર્ટ કોચ મળે તેવા પ્રયત્નો કરવામાં આવશે તેવી ખાત્રી આપી હતી.

# શહેરમાં નવી પાર્કિંગ પોલિસી અંગે નાગરિકોને સૂચનો મોકલવા અપીલ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પાર્કિંગની સમસ્યાના નિરાકરણ માટે પાર્કિંગ પોલિસી તથા તેના પેટા નિયમો બનાવવામાં આવ્યા છે. આ પાર્કિંગ પોલિસી તથા તેના પેટા નિયમોમાં જાહેર રસ્તાઓ પર વાહન પાર્ક કરવા માટે વાહન પ્રમાણે તથા વિસ્તાર પ્રમાણે ચાર્જ વસૂલવા તથા રહેણાંક વિસ્તારમાં સાંકડા રસ્તાઓ પર પાર્કિંગ નહીં કરવા, ભવિષ્યમાં તમામ રહેણાંકોએ પોતાના પ્લોટ/મકાનમાં જ વાહન પાર્ક કરવુ જેવા વિવિધ પેટા નિયમોની દરખાસ્ત સૂચવવામાં આવેલ છે.

આ પાર્કિંગ પોલિસી બાબતે નાગરિકોના સુચનો અને અભિપ્રાયો મંગાવવા માટે તારીખ ૩ અને ૪ મે ૨૦૨૨ના રોજ અગ્રણીય અખબારોમાં જાહેરખબર આપી હતી. શહેરીજનોને આ પોલિસી બાબતે એક મહિનાની અંદર વાંધાસૂચનો આપવા માટે વિનંતી કરવામાં આવી હતી. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને પાર્કિંગ પોલિસી તથા તેના પેટા નિયમો અંગે કોઈ સૂચન હોય તો જણાવવા માટે પુનઃ અપીલ કરવામાં આવે છે.

ગાંધીનગરના શહેરીજનો મુસદારૂપ પાર્કિંગ પોલિસી તથા તેના પેટાનિયમો અન્વયે પોતાના લેખિત વાંધા સૂચનો આપવા તારીખ ૦૪ જૂન, ૨૦૨૨ સુધી કોર્પોરેશન ઓફિસે રૂબરૂ અથવા તો ઈમેલ દ્વારા jtp.gmc8@gmail.com પર મોકલી શકશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની પાર્કિંગ પોલિસી તથા તેના પેટા નિયમો અંગેની તમામ વિગતો મહાનગરપાલિકાની વેબસાઈટ તથા અત્રેની કચેરીએ ઉપલબ્ધ છે. જેના આધારે નાગરિકો પોતાના કિંમતી સૂચનો આપીને શહેરના વિકાસમાં ભાગીદાર બને તે માટેની જાહેર અપીલ કરવામાં આવે છે.